







કામધેનુ યુનિવર્સિટી અંતર્ગત ધોરણ-૧૨ સાયન્સ પછીના

બેચલર ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એનીમલ હસ્બન્ડરી

અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેની

માહિતી પુસ્તિકા

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર

આ માહિતી પુસ્તિકા નીચે દર્શાવેલ વેબસાઈટ ઉપરથી
વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકાશે.

એડમીશન પોર્ટલ : **https://www.kamdhenuuniversity.net**

શૈક્ષણિક વર્ષ
૨૦૨૬-૨૦૨૭

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર

:: પ્રવેશ માટે અગત્યની સૂચનાઓ ::

- તમામ વેટરનરી કોલેજમાં પ્રવેશ માટે માત્ર એક જ ફોર્મ ભરવાનું રહેશે.
- પ્રવેશ ફોર્મ ભરતાં પહેલાં ઉમેદવારોએ માહિતી પુસ્તિકા ૨૦૨૬-૨૭ બરાબર વાંચ્યા બાદ જ અરજી કરવાની રહેશે.
- જ્યારે પણ યુનિવર્સિટીને ધ્યાને આવશે કે, ઉમેદવારના પ્રમાણપત્રો ખોટા છે અથવા ઉમેદવાર પ્રવેશ માટે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતો નથી, તો તેનો પ્રવેશ રદ્દ થશે અને ફી જપ્ત થશે તથા જરૂર જણાયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- યુનિવર્સિટી દ્વારા પ્રવેશ અંગે પ્રવાસ ભથ્થું કે અન્ય કોઈપણ પ્રકારનો ખર્ચ ચુક્વવામાં આવશે નહીં.
- આ માહિતી પુસ્તિકામાં આપેલ માહિતી ફક્ત માર્ગદર્શન માટે છે, જેનો ઉપયોગ કાયદાકીય દસ્તાવેજ તરીકે કરી શકાશે નહી.

:: સંપર્ક ::

ક્રમ	યુનિવર્સિટી	હોદ્દો	ફોન નંબર/ઈ-મેઈલ
૧	કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર	મદદનીશ કુલસચિવ (શિક્ષણ)	૦૭૯-૨૩૨૨૦૭૧૬ aracad@kamdhenuuni.edu.in

કચેરી સમય દરમ્યાન સવારે ૧૦:૩૦ થી સાંજે ૦૬:૧૦ સુધી સંપર્ક કરવો (રજાના દિવસો સિવાય)
રિસેસ સમય: બપોરે ૦૨:૦૦ થી ૨:૩૦ સુધી.

:સરનામું: કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, બ્લોક -૧, વિંગ-બી૧,
ચોથો માળ, સેકટર -૧૦(એ), ગાંધીનગર - ૩૮૨૦૧૦.

કામધેનુ યુનિવર્સિટી હસ્તકની વેટરનરી કોલેજોમાં ચાલતા સ્નાતક કક્ષાના બી.વી.એસ.સી. એન્ડ એ.એચ. અભ્યાસક્રમની માહિતી

આ માહિતી પુસ્તિકામાં કામધેનુ યુનિવર્સિટીમાં ચાલતા સ્નાતક કક્ષાના બી.વી.એસ.સી. એન્ડ એ.એચ. અભ્યાસક્રમની માહિતી આપેલ છે. સદર અભ્યાસક્રમમાં પ્રવેશ, કોર્સ સિલેબસ તેમજ વિનિયમોમાં સુધારા વધારા કરવાની તમામ સત્તા યુનિવર્સિટીને અબાધિત રહેશે અને વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીનાં હિતમાં જરૂર પડ્યે તેને બદલવાની સત્તા પણ યુનિવર્સિટીની રહેશે. માહિતી પુસ્તિકામાં આપેલ માહિતી ફક્ત માર્ગદર્શન માટે છે. જેનો કાયદાકીય દસ્તાવેજ તરીકે ઉપયોગ કરી શકાશે નહી.

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પેજ નંબર
૧	કોલેજની યાદી તથા સંપર્ક સૂત્રો	૧
૨	પ્રવેશ માટેના હેલ્પ સેન્ટર	૧
૩	પ્રવેશ ક્ષમતા	૨
૪	પ્રવેશ લાયકાત	૩
૫	અનામત બેઠકો અને પાત્રતા	૪
૬	મેરીટ લિસ્ટ	૯
૭	ફી માળખું	૧૦
૮	ખોટા પ્રમાણપત્રો રજુ કરવાથી પ્રવેશ રદ્દ થવો	૧૨
૯	અભ્યાસક્રમની સામાન્ય માહિતી	૧૨
૧૦	પ્રવેશ અરજીફોર્મ ભરવા અંગેની પ્રક્રિયા	૧૩
૧૧	કોલેજ ખાતે હાજર થવું	૧૬
૧૨	એન્ટી રેગીંગ કમિટી	૧૭
૧૩	વિદ્યાર્થિનીઓને થતી હેરાનગતી બાબત	૧૭
૧૪	યુનિવર્સિટી ગ્રીવન્સ રેડ્રેસલ (ફરિયાદ નિવારણ) સેલ	૧૭
૧૫	ડિસ્ક્લેઇમર	૧૭
૧૬	વિશેષ નોંધ	૧૭
૧૭	શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના કેટેગરી પ્રમાણેના કટઓફ મેરીટની વિગત	૧૮
૧૮	પરિશિષ્ટ-ગ, Annexure-KH, પરિશિષ્ટ-ક, Annexure-B તથા Annexure-A	૧૯-૨૩

૧. કોલેજની યાદી તથા સંપર્ક સુત્રો

ક્રમ	યુનિવર્સિટી / કોલેજ	હોદ્દો	ફોન નંબર અને ઈ-મેઈલ
૧	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આણંદ	આચાર્યશ્રી	૦૨૬૯૨-૨૬૧૪૮૬ principalvetand@kamdhenuuni.edu.in
૨	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, સરદારકૃષિનગર, દાંતીવાડા, જિ.બનાસકાંઠા	આચાર્યશ્રી	૦૨૭૪૮-૨૭૮૪૦૧ principalvetskn@kamdhenuuni.edu.in
૩	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારી	આચાર્યશ્રી	૦૨૬૩૭-૨૮૨૯૬૪ principalvetnvs@kamdhenuuni.edu.in
૪	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ	આચાર્યશ્રી	૯૬૦૧૨૮૬૪૮૩ principalvetjnd@kamdhenuuni.edu.in
૫	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, રાજપુર (નવા), હિંમતનગર	આચાર્યશ્રી	૭૫૭૩૦૩૫૧૧૧ principalvethmt@kamdhenuuni.edu.in
૬	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, ભુજ, કચ્છ	આચાર્યશ્રી	૯૯૧૩૭૮૨૦૮૪ principalvetbhuj@kamdhenuuni.edu.in

૨. પ્રવેશ માટેના હેલ્પ સેન્ટર

ક્રમ	કોલેજ	સંપર્ક
૧	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આણંદ	૦૨૬૯૨-૨૬૧૪૮૬
૨	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, સરદારકૃષિનગર, દાંતીવાડા	૦૨૭૪૮-૨૭૮૪૦૧
૩	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારી	૦૨૬૩૭-૨૮૨૯૬૪
૪	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ	૯૬૦૧૨૮૬૪૮૩
૫	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, રાજપુર(નવા), હિંમતનગર	૭૫૭૩૦૩૫૧૧૧
૬	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, ભુજ, કચ્છ	૯૯૧૩૭૮૨૦૮૪

તારીખોમાં ફેરફારને અવકાશ હોઈ છેલ્લામાં છેલ્લી માહિતી માટે કામધેનુ યુનિવર્સિટીની વેબસાઈટ
<https://www.kamdhenuuniversity.net/> ની મુલાકાત લેવી.

નોંધ : હેલ્પ સેન્ટરો ખાતે અરજીઓનું ઓનલાઈન ઈ-ચેકિંગ કરવામાં આવશે. ઉમેદવારોએ હેલ્પ સેન્ટર ખાતે રૂબરૂ જવાનું રહેતુ નથી. જો કે હેલ્પ સેન્ટર તરફથી ઉમેદવારને કોઈ સ્પષ્ટતા માટે ફોન/ઈ-મેઈલ થી જાણ કરી બોલાવવામાં આવે તો જ હેલ્પ સેન્ટર ખાતે જવાનું રહેશે.

વિશેષ સુચના :

- **પ્રવેશ અરજી ફોર્મ ભરતી વખતે લેવામાં આવેલ કોલેજ પસંદગી ક્રમ ફક્ત ઓનલાઈન એલોટમેન્ટ રાઉન્ડ માટે છે. જો યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા ઓફલાઈન રાઉન્ડથી યોજવામાં આવશે તો પ્રવેશ અરજી ફોર્મની કોલેજ પસંદગી ક્રમ ધ્યાને લેવામાં આવશે નહીં અને ઉપલબ્ધ બેઠકો મુજબ રૂબરૂ કાઉન્સેલીંગ રાઉન્ડ યોજવામાં આવશે.**
- **જો કોઈ ઉમેદરવાર પ્રથમ સત્ર શરૂ થયા બાદ કોલેજ ખાતે હાજર થઈને સતત ૧૫ કાર્ય દિવસ ગેરહાજર રહેશે તો તેનો પ્રવેશ રદ ગણી તે બેઠક ત્યારબાદ યોજનાર પ્રવેશ પ્રક્રિયામાં ભરવામાં આવશે.**

૩. પ્રવેશ ક્ષમતા (કેટેગરી પ્રમાણે)

કામધેનુ યુનિવર્સિટી અંતર્ગત ચાલતા સ્નાતક કક્ષાના બી.વી.એસ.સી. એન્ડ એ.એચ. (B.V.Sc.&A.H.) અભ્યાસક્રમની પ્રવેશ ક્ષમતા અને સીટ મેટ્રીક્સ

ક્રમ	કોલેજ	કુલ બેઠક	VCI (૧૫%) @	સ્ટેટ ક્વોટાની બેઠકો	બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો (૧૦%)	EWS કેટગરી બાદની બેઠકો	બિન અનામત	અનુસૂચિત જાતિ (૭%)	અનુસૂચિત જનજાતિ (૧૫%)	સા.શૈ. પ.વ. (૨૭%)	દિવ્યાંગ-જન (૫%) #	સેનાના કર્મચારી /એકસ આર્મીમેન **	NRG	પારસી જાતિ	કાશ્મીરી માઈગ્રન્ટ
													વધારાની બેઠકો		
૧	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આણંદ	૭૫	૧૧	૬૪	૦૬	૫૮	૩૧	૦૪	૦૮	૧૫	૦૨	--	૦૧	૦૧	૦૨
૨	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, સરદારકૃષિનગર	૧૦૦	૧૫	૮૫	૦૮	૭૭	૪૧	૦૫	૧૧	૨૦	૦૩	૦૧	૦૧	૦૧	૦૨
૩	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારી	૧૦૦	૧૫	૮૫	૦૮	૭૭	૪૧	૦૫	૧૧	૨૦	૦૩	૦૧	૦૧	૦૧	૦૨
૪	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ	૧૦૦	૧૫	૮૫	૦૮	૭૭	૪૧	૦૫	૧૧	૨૦	૦૩	૦૧	૦૧	૦૧	૦૨
૫	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, રાજપુર(નવા), હિંમતનગર	૮૦	૦૦	૮૦	૦૮	૭૨	૩૮	૦૫	૧૦	૧૯	૦૨	૦૧	૦૧	૦૧	૦૨
૬	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, ભુજ	૮૦	૦૦	૮૦	૦૮	૭૨	૩૮	૦૫	૧૦	૧૯	૦૨	૦૧	૦૧	૦૧	૦૨

નોંધ:

૧. @ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત VCI દ્વારા ફાળવવામાં આવે તે મુજબ. VCIની બેઠકો બાદ કર્યા પછીની બેઠકો કામધેનુ યુનિવર્સિટી દ્વારા ભરવામાં આવનાર બેઠકોમાંથી સરકારશ્રીના વખતોવખતના અનામત અંગેના નિયમો મુજબ ફાળવણી મેરીટના ધોરણે કરવામાં આવશે.

૨. # ગુજરાત રાજ્યના દિવ્યાંગજન ઉમેદવારો માટે ૫% બેઠકો અનામત રાખવામાં આવેલ છે અને જે તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે.

૩. વધારાની બેઠકો: ગુજરાત રાજ્યના પારસી જાતિ અને બિનનિવાસી ગુજરાતી (NRG)ના ઉમેદવારો માટે યુનિવર્સિટીની દરેક કોલેજમાં એક બેઠક અનામત રાખવામાં આવેલ છે. તેમજ કાશ્મીરી વિસ્થાપીતો માટે યુનિવર્સિટીની દરેક કોલેજમાં બે બેઠક અનામત રાખવામાં આવેલ છે.

૪. **સેનાના કર્મચારીઓ/નિવૃત કર્મચારીઓના સંતાનો માટે યુનિવર્સિટીની તમામપશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયોની કુલ પ્રવેશ ક્ષમતાના ૧% બેઠક કામધેનુ યુનિવર્સિટીની વિદ્યા પરિષદના તા.૨૨/૦૨/૨૦૨૧ રોજના જાહેરનામાં અન્વયે રોટેશનલ બેસીસથી ૫ બેઠક અનામત રાખવામાં આવેલ છે. જે-તે કોલેજની બેઠક પર ઉમેદવાર પ્રવેશ મેળવશે તે કોલેજની બિનઅનામત બેઠકની કુલ બેઠકમાંથી ૧ બેઠક બાદ કરવામાં આવશે.

૪.	**પ્રવેશ લાયકાત :**			
૪.૧	**બેચરલ ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એનીમલ હસબન્ડરી (B.V.Sc. & A.H.) અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની લાયકાત :**			
	ઉમેદવાર ગુજરાત રાજ્યનો રહેવાસી હોવો જોઈએ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને અંગ્રેજી વિષય સાથે ગુજરાત બોર્ડ અથવા રાજ્ય સરકાર/યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત અન્ય બોર્ડમાંથી પાસ કરેલ હોવી જોઈએ. આ ઉપરાંત પ્રવેશ ફોર્મ ભરવા માટે ઉમેદવારે ચાલુ વર્ષની NEET પરીક્ષા આપેલ હોવી જોઈએ. ધોરણ-૧૨માં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને અંગ્રેજી વિષયોની માત્ર થીયરીમાં (ગ્રેસીંગ માર્કસ સિવાય) કેટેગરી પ્રમાણે ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ અથવા ટકા મેળવેલ હોવા જોઈએ.			
	(i)	અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે		૧૯૦ માર્કસ (૪૭.૫૦%*)
	(ii)	અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે		૧૯૦ માર્કસ (૪૭.૫૦%*)
	(iii)	સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે		૧૯૦ માર્કસ (૪૭.૫૦%*)
	(iv)	અન્ય તમામ વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય		૨૦૦ માર્કસ (૫૦%*)
	MSVE-૨૦૧૬ પ્રવેશ લાયકાતના ધારાધોરણ મુજબ			
	૧.	પ્રવેશ માટે દરેક ઉમેદવારે ચાલુ વર્ષની NEET પરીક્ષા આપેલ હોવી જોઈએ.		
	૨.	ચાલુ વર્ષની NEET પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના આધારે મેરીટ તૈયાર કરવામાં આવશે.		
	૩.	ઉમેદવારની ઉંમર તા. ૩૧/૧૨/૨૦૨૬ સુધીમાં ઓછામાં ઓછી ૧૭ વર્ષ હોવી જોઈએ પણ ૨૫ વર્ષથી વધુ ના હોવી જોઈએ.		
૪.૨	**પ્રવેશ માટે ઉમેદવારે નીચેના બોર્ડમાંથી પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ :**			
	(A)	ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ અથવા		
	(B)	અન્ય બોર્ડમાંથી ૧૦+૨ પદ્ધતી અંતર્ગત ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને અંગ્રેજી વિષય સાથે ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરેલ હોય અને મુદ્દા નં. ૪.૧ મુજબની લાયકાત ધરાવતા હોય તેઓને પ્રવેશ સમિતિ નક્કી કરે તે પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે.		
		➢ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)/કાઉન્સિલ ફોર ધી ઈન્ડીયન સ્કૂલ સર્ટિફીકેટ એકઝામીનેશન, ન્યુ દિલ્હી (CISCE)/નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ (NIOS)/ ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડ (ISB)		
		(i)	ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે શાળા ગુજરાત રાજ્યમાં આવેલ હોવી જોઈએ અથવા	
		(ii)	ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે શાળા દીવ, દમણ અને દાદરાનગર હવેલીમાં આવેલ હોય, પરંતુ તેના માતા-પિતા ગુજરાત રાજ્યના મૂળ રહેવાસી હોય.	
	(C)	જો ઉમેદવાર ગુજરાત રાજ્યના નિઝર, સોનગઢ, કુકરમુંડા અને ઉચ્છલ તાલુકાનો રહેવાસી હોય અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા મહારાષ્ટ્ર બોર્ડમાંથી પાસ કરેલ હોય તેમજ પ્રવેશ માટેની ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત ધરાવતો હોય તો આવા ઉમેદવારે થીયરી અને પ્રેક્ટીકલના જુદા જુદા ગુણ દર્શાવતી અધિકૃત માર્કશીટ જે તે શાળાના આચાર્યશ્રીની સહીવાળી રજૂ કરવાની રહેશે.		
૪.૩	જે ઉમેદવારના માતા પિતા ગુજરાત રાજ્યના મૂળ વતની હોય અને ગુજરાત રાજ્યની બહાર કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર, સેના, બોર્ડ અથવા રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારના નિગમો અથવા રાષ્ટ્રીયકૃત બેંકોમાં નોકરી કરતા હોય તેમણે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા તેના માતા-પિતા નોકરી કરતા હોય તે રાજ્યમાંથી પાસ કરી હોય તો તે પણ પ્રવેશ માટે લાયક ગણાશે. આ ઉમેદવારોનો સમાવેશ મેરીટ-લિસ્ટમાં કરવામાં આવશે.			
૪.૪	(I)	જે ઉમેદવારના વાલીની બદલી ગુજરાત રાજ્યમાં થઈ હોય અને રજિસ્ટ્રેશન સુધીમાં ફરજ પર હાજર થઈ ગયા અને ત્યાં રજિસ્ટ્રેશન સુધી ફરજ પર રહેવાના હોય તેઓ પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેમનો સમાવેશ મેરીટ લિસ્ટમાં યોગ્ય જગ્યાએ કરવામાં આવશે.		

	(II) જેના વાલી નીચે દર્શાવેલ કેટેગરીમાં નોકરી કરતા હોય,	
	નોકરીની કેટેગરી :	
	(૧)	કેન્દ્ર સરકારના અધિકારી અથવા કર્મચારી
	(૨)	કેન્દ્ર સરકારના અને રાજ્ય સરકારના જાહેર સાહસોના અધિકારી અથવા કર્મચારી
	(૩)	રાષ્ટ્રીયકૃત બેંકના અધિકારી અથવા કર્મચારી
	(૪)	ગુજરાત રાજ્યમાં આવેલ UN/UNICEF/WHO અને તેના જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાના અધિકારી અથવા કર્મચારી
	(૫)	ગુજરાત કેડરના ભારતીય સનદી સેવા/ભારતીય પોલીસ સેવા/ભારતીય વન સેવાના અધિકારી અથવા કર્મચારી કે જેઓ ગુજરાત રાજ્યમાં કે ગુજરાત રાજ્ય બહાર ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે.
	(૬)	ગુજરાત રાજ્ય સરકારના અધિકારી અથવા કર્મચારી કે જેઓ વહીવટી કારણોસર ગુજરાત રાજ્ય બહાર ફરજ બજાવે છે.
૪.૫	**જે ઉમેદવારે ...**	
	(i)	ગુજરાત રાજ્યમાં આવેલી કોઇ પણ જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ-૮ સુધી અભ્યાસ કરેલ હોય અને
	(ii)	ત્યારબાદ, અન્ય રાજ્યમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત અભ્યાસ કરેલ હોય અને
	(iii)	ગુજરાત સિવાયના રાજ્યમાં આવેલ જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરેલ હોય અને
	(iv)	ચાલુ વર્ષે NEET પરીક્ષા આપેલ હોય તે પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેનો સમાવેશ મેરીટ લિસ્ટમાં કરવામાં આવશે.
	નોંધ : "જવાહર નવોદય વિદ્યાલય" યોજના એટલે કે, જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૧૯૮૫-૮૬ દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે. આ યોજના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ અંતર્ગત ચાલતી નવોદય વિદ્યાલય સમિતિ (સ્વાયત સંસ્થા) દ્વારા સંચાલિત છે.	
૫.	**અનામત બેઠકો અને પાત્રતા :**	
૫.૧	યુનિવર્સિટી દ્વારા પ્રવેશ માટે નીચે મુજબની બેઠકો અનામત રાખવામાં આવેલ છે :	
	૧.	વેટરનરી કાઉન્સીલ ઓફ ઇન્ડીયાની બેઠકો — ૧૫%
	૨.	ગુજરાત રાજ્યની બેઠકો — ૮૫%
	ગુજરાત રાજ્યના ઉમેદવારો માટેની બેઠકો નીચે દર્શાવેલ કેટેગરી મુજબ અનામત રહેશે.	
	અનુસૂચિત જાતિ (SC)	૭% — આ કેટેગરીની અનામત બેઠકો એકબીજામાં તબદીલ થઈ શકશે.
	અનુસૂચિત જનજાતિ (ST)	૧૫%
	સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન હોય તેવા) (SEBC)	૨૭% — ગુજરાત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત
	આર્થિક રીતે નબળા વર્ગો (EWS)	૧૦% — ગુજરાત સરકારના નીતિનિયમો મુજબ
	દિવ્યાંગજન (PWD)	૫% — જે-તે કેટેગરીમાં સમાવેશ થશે.
	પારસી જાતિ	૧ બેઠક — દરેક કોલેજમાં વધારાની એક બેઠક
	કાશ્મીરી વિસ્થાપિતો	૨ બેઠક — દરેક કોલેજમાં વધારાની બે બેઠકો
	બિન નિવાસી ગુજરાતી વિદ્યાર્થીઓ (NRG)	૧ બેઠક — કોલેજ દીઠ વધારાની એક બેઠક
	સેનામાં કાર્યરત અથવા સેનામાંથી નિવૃત્ત કર્મચારીના સંતાનો (EX-Army)	૧% — સરકારશ્રીના ધારાધોરણો મુજબ
	કોઈ પણ સંજોગોમાં આ ટકાવારીથી વધારે સંખ્યામાં અથવા યુનિવર્સિટી દ્વારા નક્કી કરાયેલ મુદ્દા નં. ૪.૧ મુજબ લાયકાત કરતા ઓછી લાયકાત ધરાવતા ઉમેદવારથી જે-તે કેટેગરીની બેઠકો ભરી શકાશે નહી.	

૫.૨	**અનામત બેઠકો માટે સામાન્ય શરતો :**	
	વિવિધ કેટેગરીના ઉમેદવારો માટેની અનામત બેઠકો નીચેની શરતોને આધીન રહેશે.	
	૧.	કોઈ પણ ઉમેદવારને એક સમયે એક જ અનામત બેઠક કે લાયકાતમાં છૂટછાટ મળશે.
	૨.	કોઈ પણ સંજોગોમાં કોઈ પણ કેટેગરીની અમુક કે બધી બેઠકો ઓછા ઉમેદવારો અથવા જરૂરી લાયકાત ન ધરાવતા ઉમેદવારોને કારણે ખાલી રહેશે તો તેને બિનઅનામત કેટેગરીમાં ગણવામાં આવશે અને તે બિનઅનામત કેટેગરીના ઉમેદવારોથી મેરીટના આધારે ભરવામાં આવશે. જો કે VCIનાં નિયત કરેલ પ્રવેશ માટેના ૧૫% ક્વોટા પૈકી ખાલી રહેતી બેઠકો/ન ભરાયેલ બેઠકો ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માં સ્ટેટ ક્વોટામાં સંબંધિત કેટેગરીમાં ઉમેરી પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
૫.૩	**અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો (SC & ST) :**	
	અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટેની અનામત બેઠકોનું પ્રમાણ રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નક્કી થયા મુજબનુ રહેશે જે હાલમાં નીચે મુજબ છે:	
	૧.	૨૨% બેઠકો આ બંને પછાત વર્ગના ઉમેદવારો માટે અનામત રાખવામાં આવશે. જે પૈકીની ૭% બેઠકો અનુસૂચિત જાતિ અને ૧૫% બેઠકો અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત રહેશે.
	૨.	જે ઉમેદવારો તેમના મેરીટ પ્રમાણે બિનઅનામત કેટેગરીમાં પ્રવેશપાત્ર હોય તેઓનો સમાવેશ અનામત બેઠકો પર કરવાનો રહેશે નહી.
	નોંધ :	
	➢	આ બંને અનામત બેઠકોના ગ્રુપ પૈકી કોઇ એક ગ્રુપમાં ઓછા અરજદારોને લીધે બેઠક ખાલી રહે તો એકબીજાની નિર્ધારિત ૭% અને ૧૫% બેઠકોમાં પ્રવેશ આપી શકાશે. એક બીજામાં ખાલી બેઠકો તબદીલ કરી પ્રવેશ આપી શકાશે.
	➢	બંને પછાત વર્ગની કોઈ પણ એક કેટેગરીમાં અનામત બેઠકો કરતા વધારે ઉમેદવાર હોય તો તેમને જે-તે કેટેગરીના મેરીટ લિસ્ટ મુજબ જ પ્રવેશ આપવાનો રહેશે.
	➢	અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે જે તે કેટેગરીનું ગુજરાત રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત અધિકારીશ્રીના સહી સિક્કાવાળુ/તેમના દ્વારા પ્રમાણિત પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો વેરિફિકેશન વખતે જાતિ પ્રમાણપત્ર ખોટુ માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહી. જો આવા ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે તાત્કાલિક અસરથી રદ થશે.
૫.૪	**સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર (SEBC) :**	
	ગુજરાત રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના (સા.શૈ.પ.વ.) ઉમેદવાર માટે રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો પ્રમાણે ૨૭% બેઠકો અનામત રહેશે જે નીચેની શરતોને આધીન છે.	
	૧.	સા.શૈ.પ.વ. ના ઉમેદવારે અનામત બેઠક પર પ્રવેશ મેળવવા પોતાની જાતિનો સમાવેશ સા.શૈ.પ.વ.માં થાય છે તે મતલબનું ગુજરાત રાજ્યના સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ઉપરાંત ઉમેદવારનો સમાવેશ "ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ થતો નથી" તે મતલબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (નોન-ક્રિમીલેયર સર્ટિફિકેટ) રજૂ કરવાનુ રહેશે. આ પ્રમાણપત્ર માન્ય મુદતનું હોવું જોઈએ, અન્યથા તેઓને સા.શૈ.પ.વ.ની અનામત બેઠક પર પ્રવેશ મળી શકશે નહી. (ગુજરાત રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તારીખ ૨૬/૦૪/૨૦૧૬ની જોગવાઈ મુજબ).
	૨.	સા.શૈ.પ.વ.ના જે ઉમેદવારને મેરીટના ધોરણે બિનઅનામત કેટેગરીમાં પ્રવેશ મળ્યો હશે તેનો સમાવેશ અનામત બેઠક પર કરવાનો રહેશે નહી.

	૩.	જો પ્રવેશપત્ર વેરિફિકેશન વખતે જાતિનું પ્રમાણપત્ર અને નોન-ક્રિમીલેયરનું પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવ ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે તાત્કાલિક અસરથી રદ થશે.	
૫.૫	**બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections) :**		
	૧.	બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને કામધેનુ યુનિવર્સિટીમાં પ્રવેશ સમયે અનામતના લાભ અંગે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંકઃ ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા. ૨૩/૦૧/૨૦૧૯ મુજબ ૧૦% બેઠકો પર પ્રવેશ મળવાપાત્ર રહેશે. જે અંગે પરિશિષ્ટ-ગ અથવા Annexure-KH મુજબનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે. વધુમાં ઉક્ત સંદર્ભે સરકારશ્રી તરફથી વખતો વખતની સૂચનાઓનો અમલ કરવામાં આવશે. વધુમાં, ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંકઃ ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૨૬/૦૬/૨૦૨૦ મુજબ માન્ય મુદ્દતનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરિફિકેશન વખતે આ પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે તાત્કાલિક અસરથી રદ થશે.	
૫.૬	**દિવ્યાંગજન ઉમેદવારો (PwD) :**		
	ગુજરાત રાજ્યના દિવ્યાંગજન ઉમેદવારો માટે ૫% બેઠકો અનામત રાખવામાં આવેલ છે. સદર બેઠકો જે-તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે તેમજ નીચેની શરતોને આધિન રહેશે.		
	૧.	શારીરિક દિવ્યાંગતા બાબતે ઉમેદવારોની પ્રવેશ પાત્રતા ગેરલાયક ઠરાવવામાં આવશે, જો...	
		(a)	કુલ શારીરિક દિવ્યાંગતા (છાતી/સ્પાઈન સહિત) ૫૦% કરતા વધારે હોય.
		(b)	પગની દિવ્યાંગતા ૫૦% કરતા વધારે હોય
		(c)	હાથની દિવ્યાંગતા હોય.
		(d)	દ્રષ્ટીની દિવ્યાંગતા અને સાંભળવાની વિકલાંગતા હોય.
		(e)	ક્રમશઃ વધતા જતા માયોપેથીઝ જેવા રોગોથી પીડિત હોય.
		(f)	જે તે અભ્યાસક્રમમાં ભણવા માટે અને તેના પ્રાયોગીક કાર્યો/ફિલ્ડ વર્ક કરવામાં બાધક દિવ્યાંગતા હોય.
	૨.	દિવ્યાંગજન ઉમેદવારની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે મતલબનું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર (પરિશિષ્ટ-ક) રજૂ કરવાનુ રહેશે. જો વેરિફિકેશન સમયે પ્રમાણપત્ર ખોટુ માલુમ પડશે તો તે ઉમેદવારનો દિવ્યાંગજન માટેની અનામત બેઠક પર પ્રવેશ અંગેનો હક્ક દવો રહેશે નહી. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તાત્કાલિક અસરથી રદ થશે.	
	૩.	દિવ્યાંગજન ઉમેદવારની અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવાર મુદ્દા નં. ૪.૧ મુજબ જરૂરી ઓછામાં ઓછી પ્રવેશ લાયકાત ધરાવતો હોવો જોઈએ.	
	૪.	દિવ્યાંગજન ઉમેદવારોને આપવામાં આવેલ શરતી પ્રવેશ, પ્રવેશ સમિતિ દ્વારા માન્ય થયેથી જ આખરી પ્રવેશ ગણવામાં આવશે. પ્રવેશ માટે મેડિકલ સર્ટિફિકેટ નમૂનામાં દર્શાવેલ "પરિશિષ્ટ-ક" મુજબનું રજૂ કરવાનુ રહેશે.	
૫.૭	**પારસી જાતિ :**		
	૧.	પારસી જાતિના ઉમેદવારો માટે યુનિવર્સિટીની દરેક કોલેજમાં વધારાની એક બેઠક અનામત રાખવામાં આવેલ છે. સદર અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉપરોક્ત મુદ્દા નં. ૪.૧ મુજબની લાયકાત ધરાવતા હોવા જોઈએ. જેમાં ગુજરાત રાજ્યના વતની હોય તેવા ઉમેદવારને પ્રથમ પસંદગી કરવામા આવશે ત્યારબાદ અન્ય રાજ્યના પારસી ઉમેદવારને પ્રવેશ આપવામાં આવશે. જે અન્ય કેટેગરીમાં તબદીલ થઈ શકશે નહીં.	

	૨.		પારસી જાતિની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે મતલબનું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહેશે. જો વેરિફિકેશન સમયે પ્રમાણપત્ર ખોટુ માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દવો રહેશે નહી. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તાત્કાલિક અસરથી રદ થશે.
	૩.		ઉમેદવારે ચાલુ વર્ષની NEET પરીક્ષા આપેલ હોવી જોઈએ. પારસી જાતિના ઉમેદવારોનું મેરીટ ચાલુ વર્ષની NEET ની પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે મુદ્દા ક્રમ-(૬) માં દર્શાવ્યા મુજબ તૈયાર કરવામાં આવશે.
૫.૮	**કાશ્મીરી વિસ્થાપિતો :**		
	કાશ્મીરી વિસ્થાપિતો માટે કોલેજ દીઠ વધારાની બે (૨) બેઠકો અનામત રાખવામાં આવેલ છે જે નીચેની શરતોને આધીન છે.		
	૧.		પ્રવેશ વખતે ઉમેદવારને નીચે મુજબની છૂટછાટ આપવામાં આવશે.
		(i)	પ્રવેશ અરજી ફોર્મ ભરવાની તારીખમાં ૩૦ દિવસની છૂટછાટ.
		(ii)	ઓછામાં ઓછી પ્રવેશ લાયકાતમાં ૧૦% ની છૂટછાટ.
		(iii)	વતની હોવાના પ્રમાણપત્રની જરૂરીયાત નથી.
		(iv)	બીજા અને ત્યારબાદના વર્ષોમાં કોલેજ સ્થળાંતરમાં છૂટછાટ.
		(v)	પ્રવેશ પરીક્ષા આપેલ હોવી જરૂરી નથી.
	૨.		આવા ઉમેદવારના નામાંકન માટેની અરજી રાજ્ય સરકાર મારફત નિયત સમય મર્યાદામાં યુનિવર્સિટીને મળેલ હોય, તો જ પ્રવેશ માટે માન્ય ગણાશે.
	૩.		ઉમેદવારે ચાલુ વર્ષની NEET પરીક્ષા આપેલ હોવી જોઈએ. કાશ્મીરી વિસ્થાપિત ઉમેદવારોનું મેરીટ ચાલુ વર્ષની NEET ની પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે મુદ્દા ક્રમ-(૬) માં દર્શાવ્યા મુજબ તૈયાર કરવામાં આવશે.
	૪.		ઉમેદવાર કાશ્મીરમાંથી જે રાજ્યમાં સ્થળાંતર થયેલ હોય તે રાજ્યના ડેપ્યૂટી કમિશનરનું તે મતલબનું રજિસ્ટ્રેશન નંબર સાથેનું પ્રમાણપત્ર અને રેશનકાર્ડ રજૂ કરવાનુ રહેશે. જો વેરિફિકેશન સમયે પ્રમાણપત્ર ખોટુ માલુમપડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહી. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તાત્કાલિક અસરથી રદ થશે.
	૫.		આ નિયમો જમ્મુ કાશ્મીરની પરિસ્થિતિ સામાન્ય થાય ત્યા સુધી જ લાગુ પડશે.
૫.૯	**બિન નિવાસી ગુજરાતી વિદ્યાર્થીઓ (NRG) માટેની અનામત બેઠક :**		
	૧.		NRG બેઠક પર પ્રવેશ મેળવવા માટે બિન નિવાસી ગુજરાતીના બાળકો જે મૂળ ગુજરાત રાજ્યના રહેવાસી હોય અથવા કે તેના પૂર્વજો ગુજરાત રાજ્યના મૂળ રહેવાસી હોય તેવા ઉમેદવાર અરજી કરવા માટે લાયક ગણાશે. કામધેનુ યુનિવર્સિટીમાં કોલેજ દીઠ વધારાની એક બેઠક અનામત રાખવામાં આવેલ છે, જે અન્ય કેટેગરીમાં તબદીલ થઈ શકશે નહી.
		૧.૧	વિદેશમાં આવેલી શાળા/કોલેજ/યુનિવર્સિટીમાંથી સદર અભ્યાસક્રમ માટે જરૂરી એવી લાયક પરીક્ષામાં (ધો.-૧૨)માંથી ઉત્તીર્ણ થયેલ હોવા જોઈએ પછી ભલે તે ભારતમાં આવેલ માધ્યમિક શિક્ષણ બોર્ડ કે યુનિવર્સિટી સાથે સંલગ્ન હોય. ઉમેદવારે વિદેશમાં ઓછામાં ઓછા ૫ વર્ષ સુધી અભ્યાસ કરેલ હોવો જોઈએ.
		૧.૨	ઉક્ત બાબતે ભારતમાં આવેલ શાળા/કોલેજ/યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા બિન નિવાસી ભારતીય/ગુજરાતી કે જે શાળા/કોલેજ/યુનિવર્સિટી વિદેશમાં આવેલ યુનિવર્સિટી સાથે સંલગ્ન હોય કે જેમણે સદર અભ્યાસક્રમ માટે જરૂરી એવી લાયકાત વિદેશમાં આવેલી શાળા/કોલેજ/યુનિવર્સિટીમાંથી External વિદ્યાર્થી તરીકે અને NRI/NRG ના આશ્રિત તરીકે ભારતમાં અભ્યાસ કર્યો હોય તેને લાગુ પડશે નહી.

	૨.	બિન નિવાસી ગુજરાતી વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ (NRG) બેઠક પર પ્રવેશ માટેની ન્યુનત્તમ લાયકાત ૪.૧ (iv) (બિન અનામત ઉમેદવારો) મુજબની રહેશે.
	૩.	કામધેનુ યુનિવર્સિટી માત્ર એવા જ ઉમેદવારોને લાયક ગણશે કે જેમણે વિદેશમાંથી ઉચ્ચ શિક્ષણ બોર્ડમાંથી ઉત્તીર્ણ થયા હોય અને Association of Indian Universities (AIU) અથવા University Grant Commission (UGC) નું સમકક્ષ હોવાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
	૪.	બિન નિવાસી ગુજરાતી વિદ્યાર્થી/વિદ્યાર્થિની (NRG) ઉમેદવારે પ્રવેશ મેળવવા માટે કામધેનુ યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરેલ નિયત નમુના મુજબનું અરજીફોર્મ ભરવાનું રહેશે. સદર અરજીફોર્મ સાથે જરૂરી એવા તમામ પ્રમાણપત્રો જેવા કે ટકાવારી તથા માર્ક્સ, ટકાવારી તથા માર્ક્સ ગણવા માટે કન્વર્ઝન ફોર્મ્યુલા દર્શાવતા હોય તેવા પ્રમાણપત્રો, જન્મતારીખનું પ્રમાણપત્ર, શાળા છોડ્યા અંગેનું પ્રમાણપત્ર, પાસપોર્ટની નકલ અને રાષ્ટ્રીયતા અંગેના અન્ય પ્રમાણપત્રો અને NRI/FN/PIO હોવાના સક્ષમ અધિકારી દ્વારા ઈસ્યુ થયેલ પ્રમાણપત્રની નકલ સહિતનું અરજીફોર્મ registrar@kamdhenuuni.edu.in તથા તેની નકલ સંબંધિત દેશની ભારતીય દુતાવાસને જાહેરાતમાં દર્શાવેલ નિયત સમય મર્યાદામાં પહોંચાડવાનું રહેશે.
	૫.	બિન નિવાસી ગુજરાતી વિદ્યાર્થી/વિદ્યાર્થિની (NRG) બેઠકો પર પ્રવેશ મેરીટના ધોરણે આપવામાં આવશે, પરંતુ ઉપલબ્ધ બેઠકોના પ્રમાણમાં અરજીઓની સંખ્યા વધારે હોય તેવા કિસ્સામાં યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવશે અને સદર પરીક્ષામાં ન્યુનત્તમ ૬૦% માર્ક્સ મેળવ્યેથી પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે. ઉપલબ્ધ બેઠકો કરતા ઓછી અરજીઓ હોય તો ધોરણ-૧૨ માં મેળવેલ માર્ક્સ/ગ્રેડના મેરીટ અનુસાર પ્રવેશ આપવામાં આવશે.
	૬.	ઉમેદવાર દ્વારા ઉક્ત ક્રમાંક-૩માં દર્શાવ્યા મુજબની લાયકાતનું સમકક્ષતા પ્રમાણપત્ર માન્ય ભારતીય શિક્ષણ બોર્ડ દ્વારા ચકાસણી થયા બાદ પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે. અરજીફોર્મમાં દર્શાવેલ તમામવિગતો જેવી કે અભ્યાસ કરેલ વિષયોના નામ, અભ્યાસનું માધ્યમ, ગ્રેડ/માર્ક્સ/ટકા, ૧૦+૧ અથવા ૧૦+૨ અથવા ૧૦+૩ કક્ષાએ જે વિષયોનો અભ્યાસ કર્યો હોય તેની વિગતો, શાળા/કોલેજ/યુનિવર્સિટીના સંપર્કની વિગતો, વેબસાઈટ વિગેરે અરજીફોર્મ સાથે બિનચૂક જોડવાની રહેશે. અરજદારે ફરજીયાતપણે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરેલ હોવો જોઈએ.
	૭.	પસંદગી પામેલ ઉમેદવારે તમામ પ્રકારની ફી અને ડિપોઝિટ પ્રવેશ તથા શિક્ષણ ફી વિગેરે સહિત ઓનલાઈન માધ્યમથી તબદીલ કરવાની રહેશે અથવા સંબંધિત NRI/OCIના સંબંધિત દેશના બેંક ખાતામાંથી ભારતીય ચલણની સમકક્ષ બેંક ડ્રાફ્ટથી ભરવાના રહેશે. આ ઉપરાંત ઉમેદવાર પોતે/વાલી/પતિ-પત્નીએ ભારતમાં નિભાવેલ NRI/OCI બેંક ખાતામાંથી બેંક ડ્રાફ્ટ મારફતે ભારતીય ચલણ સમકક્ષ ફી ભરી શકશે.
	૮.	આગળ જતા, ઉમેદવારે "કામધેનુ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ" નામનો બેંક ડ્રાફ્ટ ઉમેદવાર પોતે/વાલી/પતિ-પત્નીના NRI/OCI ખાતામાંથી ઈસ્યુ કરવામાં આવેલ છે તે સબબનું પ્રમાણપત્ર તથા ચલણ, સમકક્ષતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. યુનિવર્સિટીના નિયમોનુસાર પ્રવેશ અને શિક્ષણ ફી વિગેરે ઉપરાંત હોસ્ટેલ તથા અન્ય લાગુ પડતા ચાર્જીસ/ફી ભારતીય ચલણ અનુસાર ચૂકવવાના રહેશે. ફી ઉપરાંત વિદેશી બેંક અન્ય બેંકના સંબંધિત તમામ ફી ઉપરાંતના ચાર્જીસ તથા તમામ વિદેશી નાણાકીય વ્યવહારો પર લાગુ કરતાં જી.એસ.ટી ચાર્જીસ ઉમેદવારે ચૂકવવાના રહેશે.
	૯.	બિન નિવાસી ગુજરાતી વિદ્યાર્થી/વિદ્યાર્થિની (NRG) અંગેના ઉક્ત જણાવ્યા મુજબના નિયમોના અર્થઘટનના બાબતે Annexure-Aમાં જણાવ્યા મુજબના અંગ્રેજી નિયમો મુજબનું અર્થઘટન આખરી ગણવાનું રહેશે.

૫.૧૦	**સેનાના કર્મચારીના સંતાનો માટે અનામત બેઠક :**	
	સેનાના કર્મચારી અથવા સેના નિવૃત્ત કર્મચારીના સંતાનો માટે યુનિવર્સિટીની કુલ બેઠકોમાં ૧% બેઠક અનામત રાખવામાં આવેલ છે. જે નીચેની શરતોને આધિન છે:	
	૧.	મૂળ ગુજરાત રાજ્યના સેનાના અથવા સેના નિવૃત્ત કર્મચારીના બાળકો માટેની અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ ડાયરેકટર, સૈનિક વેલ્ફેર બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક વેલ્ફેર ઓફીસરનાં જરૂરી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. સેનામાં ફરજ બજાવતા કર્મચારીઓએ જે યુનિટમાં ફરજ બજાવતા હોય તેના કમાન્ડીંગ ઓફીસરનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
	૨.	ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી એચ.એસ.સી. (HSC) પરીક્ષા પાસ કરેલ સેનાના કર્મચારી/સેના નિવૃત્ત કર્મચારીના સંતાનોને તેઓની અનામત બેઠક પર પ્રવેશ આપ્યા બાદ જો કોઇ બેઠકો ખાલી રહે તો તેના પર ગુજરાતના અન્ય બોર્ડમાંથી એચ.એસ.સી. (HSC) પાસ કરનાર સેનાના કર્મચારી/સેનાનિવૃત કર્મચારીના સંતાનોને પ્રવેશ આપવામાં આવશે. તેમ છતાં જો આ અનામત બેઠકો ખાલી રહે તો તેના પર બિનઅનામત કેટેગરીના ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે.
	૩.	ઉમેદવાર સેનામાં કાર્યરત કર્મચારી/સેનાનિવૃત્ત કર્મચારીના સંતાનો માટેની અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવાર મૂળ ગુજરાત રાજ્યનો વતની હોવો જોઈએ અને તેણે ધોરણ-૧૨ (HSC)ની પરીક્ષા ગુજરાત રાજ્યમાં સ્થિત શાળામાંથી પાસ કરેલ હોવી જોઈએ.
	૪.	ઉમેદવાર સેનામાં કાર્યરત કર્મચારી/સેનાનિવૃત કર્મચારીના સંતાનો માટેની અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવવા માટે જરૂરી ઉપરોક્ત મુદ્દા નં. ૪.૧ મુજબની ઓછામાં ઓછી લાયકાત ધરાવતો હોવો જોઈએ.
	૫.	સેનાના કર્મચારીઓના સંતાનો માટે અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે જે-તે મતલબનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરિફિકેશન વખતે આવું પ્રમાણપત્ર ખોટું માલુમપડશે તો તે ઉમેદવારોનો આવી અનામત બેઠક પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહી. જો આવા ઉમેદવારોને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તાત્કાલિક અસરથી રદ્દ થશે.
	૬.	લડાઈમાં શહીદ થયેલ સેનાના કર્મચારીઓના સંતાનોનો સમાવેશ આ કેટેગરીમાં કરવાનો રહેશે.
	૭.	લડાઈ લડતા અપંગ થયેલ સેનાના કર્મચારીઓના સંતાનોનો સમાવેશ આ કેટેગરીમાં કરવાનો રહેશે.
	૮.	ડીપાર્ટમેન્ટ ઓફ એક્સ-સર્વિસમેન વેલ્ફેર, મીનીસ્ટ્રી ઓફ ડીફેન્સ, ભારત સરકારના પત્ર ક્રમાંકઃ F.No.6(1)/2017/D (Res.II), તા.૨૧/૦૫/૨૦૧૮ મુજબ સેનાના કર્મચારીઓનાને મળેલ પરમવીરચક્ર, અશોકચક્ર, મહાવીરચક્ર, કીર્તિચક્ર, વીરચક્ર, શોર્યચક્ર સેના, નૌસેના, વાયુસેના મંડળ મુજબ પ્રવેશ અંગે પ્રાથમિકતા આપવામાં આવશે.
	૯.	સેનાના કર્મચારીઓના સંતાનો/સેના નિવૃત કર્મચારીઓના સંતાનોએ આ સાથે બીડેલ (Annexure-B) મુજબના નિયત નમૂનાનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.
૬.	**મેરીટ લિસ્ટ :**	
	B.V.Sc. & A.H. અભ્યાસક્રમમાં પ્રવેશ માટેનું મેરીટ લિસ્ટ	
	➢	આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઉમેદવારે ચાલુ વર્ષે NEETની પરીક્ષા આપેલ હોવી જરૂરી છે.
	➢	આ અભ્યાસક્રમ માટેનું મેરીટ લિસ્ટ ફકત NEETની પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે કેટેગરી મુજબ બનાવવામાં આવશે.
	➢	**બે અથવા વધારે ઉમેદવારના મેરીટ માકર્સ એકસરખા થશે તો તેઓનું મેરીટ લિસ્ટ All India NEET Rank ના આધારે બનાવવામાં આવશે.**

૭. ફી નું માળખું:

૭.૧ B.V.Sc. & A.H. અભ્યાસક્રમ ચલાવતી કોલેજો માટેનું વાર્ષિક ફી / ડિપોઝિટનું માળખું.

ક્રમ	ફી / ડીપોઝીટની વિગત	ફી રકમ	
		છોકરાઓ	છોકરીઓ
૧.	**પહેલા રજિસ્ટ્રેશન વખતે ચૂકવવાપાત્ર ફી અને ડિપોઝિટ**		
	કોશન મની ડિપોઝિટ	1000	1000
	હોસ્ટેલ ડિપોઝિટ	1000	1000
	મેસ ડિપોઝિટ	2000	2000
	ઈલેક્ટ્રીક ડિપોઝિટ	2000	2000
	ઓળખપત્ર ફી	100	100
	થેલેસેમિયા ટેસ્ટ ફી	200	200
	કુલ	**6300**	**6300**
૨.	**દર વર્ષની શરૂઆતમાં ચૂકવવાપાત્ર ફી**		
	નોંધણી (રજિસ્ટ્રેશન) ફી	1000	1000
	શિક્ષણ ફી	9000	-
	લાઈબ્રેરી ફી	1000	1000
	પરીક્ષા ફી	1500	1500
	જીમખાના ફી	500	500
	સાંસ્કૃતિક પ્રવૃતિઓની ફી	500	500
	પ્રયોગશાળા ફી	1200	1200
	હોસ્ટેલ ફી	3000	-
	માર્કશીટ ફી	500	500
	મેગેઝીન ફી	100	100
	સ્ટુડન્ટ એઈડ ફંડ	100	100
	જનરલ અમેનિટીસ	300	300
	કુલ	**18700**	**6700**
	સમગ્ર કુલ (1+2)	**25000**	**13000**

ક્રમ	ફી / ડીપોઝીટની વિગત		ફી રકમ	
			છોકરાઓ	છોકરીઓ
૩.	**અન્ય પ્રકારની ફી (જરૂરીયાત પ્રમાણે)**			
	(a)	પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર	100	100
	(b)	પ્રોવિઝનલ પદવી પ્રમાણપત્ર (ફકત છેલ્લા સેમેસ્ટર માટે)	100	100
	(c)	ટ્રાન્સક્રીપ્ટ (ફકત છેલ્લા સેમેસ્ટર માટે)	200	200
	(d)	સ્થળાંતર પ્રમાણપત્ર	200	200
	(e)	ડયુપ્લિકેટ સ્થળાંતર પ્રમાણપત્ર	1000	1000
	(f)	પદવી પ્રમાણપત્ર ફી	1000	1000
	(g)	ડયુપ્લિકેટ પદવી પ્રમાણપત્ર	2000	2000
	(h)	પુનઃનોંધણી	2000	2000
	(i)	ડયુપ્લિકેટ ગુણપત્રક (ગુણપત્રક દીઠ)	1000	1000
	(j)	ડયુપ્લિકેટ ટ્રાન્સક્રીપ્ટ	1000	1000
	(k)	ગ્રેડ વેરિફિકેશન (સ્કુટીની)	200	200
	(l)	શૈક્ષણિક પ્રમાણપત્રો / દાખલા પ્રમાણિત (એટેસ્ટેડ) કરવા	50	50
	(m)	ડયુપ્લિકેટ ઓળખપત્ર	50	50

નોંધ	૧.	જે ઉમેદવારોનો પ્રવેશ ICAR/VCI મારફતે થતો હોઈ તેવા ઉમેદવારો માટેની ફી ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR)/વેટરનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિઆ (VCI)ના નિયમો મુજબ રહેશે.
	૨.	યુનિવર્સિટીની અંગભૂત કોલેજોમાં ભારતીય નાગરીકત્વ ધરાવતી વિદ્યાર્થિનીઓ માટે શિક્ષણ અને હોસ્ટેલ ફી માફી છે.
	૩.	વિદ્યાર્થીએ ઈલેક્ટ્રિક ચાર્જીસ ફી પેટે નિર્ધારિત રકમ (રૂ.૪૦૦૦/-) દર વર્ષે અલગથી ચૂકવવાના રહેશે.
	૪.	સદર અભ્યાસક્રમ અંતર્ગત પ્રવેશ મેળવતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને સંબંધિત કોલેજ ખાતે ઉપલબ્ધ હોસ્ટેલ સુવિધાના આધારે મેરીટના ધોરણે હોસ્ટેલ ફાળવવામાં આવશે.
૭.૨	**ફી પરત:**	
	જે ઉમેદવારો કોઈ પણ કારણોસર સમયમર્યાદામાં પોતાનો પ્રવેશ રદ કરાવશે તેમને કામધેનુ યુનિવર્સિટીની પ્રવર્તમાન ફી રીફંડ પૉલીસી મુજબ ફી પરત કરવામાં આવશે. પ્રવેશ રદ તથા ફી પરતના સંજોગોમાં ઉમેદવારે તેમણે પ્રવેશ મળેલ કોલેજના આચાર્યશ્રી મારફત યુનિવર્સિટીને નિયત નમુના મુજબની, જરૂરી આધાર પુરાવાઓ (એડમિશન મેમોની નકલ, અસલ ફીની પહોંચ, બેંક ખાતાની વિગત અથવા બેંક પાસબુકના પ્રથમ પાનાની નકલ, વિગેરે) સાથે નિયત સમય મર્યાદામાં અરજી કરવાની રહેશે.		

Fees & Deposits Refund Policy of Kamdhenu University		
	1.	If candidate has secured admission on management quota seat of affiliated college/polytechnic institute of Kamdhenu University and in case he/she gets admission on Govt. quota seat, the fees paid by the candidate shall be refunded after deducting Rs.1000/- processing charge.
	2.	If candidate has secured admission on Govt. quota seat or management quota seat of affiliated college/polytechnic institute of Kamdhenu University and later on, gets admission on Govt. quota seat in constituent college/polytechnic institute the fees paid by the candidate shall be refunded after deducting 25% of fees paid with maximum Rs.500/- processing charge.
	3.	If the candidate has secured admission on Govt. quota/management quota seat of any Constituent/affiliated college/polytechnic and subsequently student cancel the admission within 30 days from the issue date of provisional admission memo, the fees shall be refunded after deduction of 25% of semester/annual fees paid as a processing charge with maximum of Rs.500/- and Rs.1000/- for free and management quota seat respectively. If the student cancel the admission after 30 days from the issue date of provisional admission memo, no fees shall be refundable however, all the deposit shall be fully refunded.
	4.	Candidate shall have to report at the concern Polytechnic/College/ Institute on the date fixed by the University in the provisional admission memo, failing which admission will stand cancelled automatically.
૮.	**ખોટા પ્રમાણપત્રો રજૂ કરવાથી પ્રવેશ રદ થવો :**	
	જો કોઈ ઉમેદવારના પ્રમાણપત્ર/દસ્તાવેજ/માહિતી કોલેજ ખાતે તેના વિદ્યાશાખાધ્યક્ષ/આચાર્ય દ્વારા પ્રવેશ સમયે અસલ દસ્તાવેજોની ચકાસણી દરમ્યાન ખોટી જણાશે તો,	
	૧.	આવા ઉમેદવારનું નામતે વર્ષની પ્રવેશ યાદીમાંથી રદ કરવામાં આવશે.
	૨.	ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ ફી જમ કરવામાં આવશે.
	૩.	ભવિષ્યમાં પણ ખોટા દસ્તાવેજો/પ્રમાણપત્રોના આધારે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હોય તો પ્રવેશ રદ થઈ શકે છે અને કાનુની કાર્યવાહી કરી શકાય છે તે ધ્યાનમાં રાખવાનું રહેશે.
૯.	**અભ્યાસક્રમની સામાન્ય માહિતી :**	
	૧.	શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે.
	૨.	જે-તે વિષયના અભ્યાસક્રમ, વિનિયમો, પરીક્ષા વગેરેને લગતી તમામ માહિતી જે તે કોલેજના આચાર્ય પાસેથી મેળવી શકાશે. જેમાં જરૂર પડ્યે સુધારા વધારા કરવાની સત્તા યુનિવર્સિટીના સત્તાધીશોને અબાધિત રહેશે. યુનિવર્સિટી તેની કોલેજોમાં કેટેગરી પ્રમાણે ઓછામાં ઓછી પ્રવેશ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે પૂર્ણ સમયના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવે છે. વાર્ષિક પધ્ધતિના આવા અભ્યાસક્રમ હેઠળ છૂટછાટ આપેલ હોય અથવા હોસ્ટેલ ફાળવેલ ન હોય તે સિવાયના દરેક વિદ્યાર્થીએ યુનિવર્સિટી હોસ્ટેલમાં રહેવું ફરજીયાત છે.

૧૦.	**B.V.Sc. & A.H. અભ્યાસક્રમમાં પ્રવેશ અરજીફોર્મ ભરવા અંગેની પ્રક્રિયા :**	
	૧.	કામધેનુ યુનિવર્સિટીના B.V.Sc. & A.H. અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેની સઘળી કામગીરી કેન્દ્રીય પ્રવેશ સમિતિના સીધા માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવશે.
	૨.	ઉમેદવાર પ્રવેશ અંગેની સઘળી બાબતો વેબસાઈટ <https://www.kamdhenuuniversity.net/> ઉપરથી જોઈ શકાશે. ઉપરાંત પ્રવેશ અંગેની જાહેરાત ગુજરાત રાજ્યના કોઈપણ દૈનિક સમાચારપત્રમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવશે.
	૩.	ઉમેદવારે સૌ પ્રથમ વેબસાઈટમાં <https://www.kamdhenuuniversity.net/> જઈ રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. રજિસ્ટ્રેશન બાદ ઓનલાઈન એડમિશન ફોર્મ ભરી અને નિયત અરજી ફી ચૂકવવાની રહેશે. એડમિશન ફોર્મમાં માગ્યા મુજબની શૈક્ષણિક અને અન્ય વિગતો ભરી શૈક્ષણિક પ્રમાણપત્રો/ દસ્તાવેજોની (સારી ગુણવત્તા ધરાવતી કોપી) સોફ્ટ કોપી (ઓછામાં ઓછી ૫ KB અને વધુમાં વધુ ૧ MB) અપલોડ કરવાની રહેશે. ઉમેદવારના ફોટો અને સહીની સાઈઝ ઓછામાં ઓછી ૫ KB અને વધુમાં વધુ ૨૦૦ KB રાખવાની રહેશે. જે ઉમેદવાર મુદ્દા નં. ૪.૧ મુજબની ન્યુનતમલાયકાત ન ધરાવતા હોય તેવા ઉમેદવાર અરજીફોર્મ ભરી શકશે નહી જેની નોંધ લેવા વિનંતી.
	૪.	પસંદગીની કોલેજોને અગ્રતાક્રમ મુજબ પસંદગીક્રમ (ચોઈસ ફીલીંગ) આપવાનો રહેશે. ઉમેદવાર પ્રવેશ અરજીફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધી પસંદગીક્રમમાં ફેરફાર કરી શકાશે.
	૫.	ઉમેદવારે અરજીફોર્મમાં પોતાના વિસ્તારની નજીકમાં હોય તેવા કોઈ એક હેલ્પ સેન્ટરની પસંદગી કરવાની રહેશે. જ્યાં વિદ્યાર્થીએ અપલોડ કરેલ પ્રમાણપત્રોનું ઈ-ચેકીંગ કરવામાં આવશે. **<u>હેલ્પ સેન્ટર ખાતેથી ઉમેદવારોને રૂબરૂ બોલાવ્યા સિવાય જવાનું રહેતુ નથી.</u>**
	૬.	પસંદગી કર્યા બાદ સૂચવેલ અગત્યની તારીખ પ્રમાણે કામ ચલાઉ મેરીટ યાદી બહાર પડશે જેનું વિશ્લેષણ કરી ઉમેદવારે જો તેની વિગતોમાં કોઈ વિસંગતતા જણાય તો ugadmission@kamdhenuuni.edu.in પર જરૂરી આધાર-પુરાવાઓ ૪૮ કલાકમાં ઈ-મેઈલથી મોકલી આપવાના રહેશે. આ અંગેની અપડેટ જોવા માટે યુનિવર્સિટીની વેબસાઈટની નિયમિત મુલાકાત લેવાની રહેશે.
	૭.	મેરીટની યાદી કેટેગરી વાઈઝ નિયમોનુસાર તૈયાર કરવામાં આવશે.
	૮.	ઉમેદવારોને કોલેજ ફાળવણી અંગેની પ્રક્રિયા ઓનલાઈન અથવા ઓફલાઈનના માધ્યમથી હાથ ધરવામાં આવશે. જે અંગેની માહિતી વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.
	૯.	કોલેજ ખાતે હાજર થતી વખતે તમામ ઉમેદવારો પોતાના તમામ અસલ પ્રમાણપત્રો, દસ્તાવેજો, માર્કશીટ વિગેરે વેરિફિકેશન માટે સાથે લાવવાના રહેશે. જો અન્ય કોઈ શૈક્ષણિક સંસ્થામાં જમા કરાવેલ હોય તો, તે અંગેનું જે તે સંસ્થાના વડાનું પ્રમાણપત્ર (બોનાફાઇડ) અસલમાં રજૂ કરવાનું રહેશે. આ અસલ પ્રમાણપત્રો સંબંધિત કોલેજ ખાતે જમા કરાવવાના નથી. જેની સૌ વિદ્યાર્થીઓ તથા વાલીઓએ નોંધ લેવી.

B.V.Sc. & A.H. અભ્યાસક્રમમાં પ્રવેશ અરજીફોર્મ ભરવા અંગેની પ્રક્રિયા

ગુજરાત રાજ્યના અગ્રણી સમાચારપત્રોમાં પ્રવેશ અંગેની જાહેરાત

↓

યુનિવર્સિટીના એડમિશન પોર્ટલ <https://www.kamdhenuuniversity.net/> પર આપવામાં આવેલ પ્રવેશ અંગેની માહિતી પુસ્તિકાનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ એડમિશન ફોર્મ ભરવા માટે એડમિશન પોર્ટલની લીંક <https://www.kamdhenuuniversity.net/> પર ક્લિક કરો

↓

એડમિશન પોર્ટલ પર ઉમેદવારે ક્વિક રજિસ્ટ્રેશન કરવું ફરજીયાત છે.
રજિસ્ટર થવા અંગેની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ કરવી.
(ઉમેદવારે આપેલ મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ પર રજિસ્ટ્રેશન ID અને પાસવર્ડ માટે મેસેજ જોવો)

↓

એડમિશન પોર્ટલ પર રજીસ્ટર ઉમેદવારે કામધેનુ યુનિવર્સિટીના ઈ-મેઈલથી મળેલ રજિસ્ટ્રેશન ID અને પાસવર્ડ દ્વારા એડમિશન પોર્ટલ <https://www.kamdhenuuniversity.net/> પર લોગ ઈન કરવું

↓

લોગ ઈન થયા બાદ એડિટ ઍપ્લિકેશન ફોર્મ પર ક્લિક કરવું

↓

જરૂરી વિગતો ચકાસી આગળ વધવું
(એક પછી એક આવતી તમામ માહિતી ધ્યાનથી વાંચી સમજી ઉમેરતા જાઓ)

↓

ત્યારબાદ પ્રવેશ માપદંડની વિગતો ધ્યાનથી ઉમેરો

↓

પત્રવ્યવહારની વિગતો ઉમેરો

↓

બંને (HSC અને NEET) શૈક્ષણિક વિગતો ઉમેરી, ચકાસણી કરી આગળ વધવું

↓

ત્યારબાદ માંગ્યા મુજબના જરૂરી તમામપ્રમાણપત્રો/દસ્તાવેજો અપલોડ કરવા
(અરજી ફોર્મ તથા અપલોડ કરેલા જરૂરી અસલ પ્રમાણપત્રો/દસ્તાવેજોની ચકાસણી
ઓનલાઈન જ થશે જેથી ઉમેદવારોએ હેલ્પ સેન્ટર ખાતે રૂબરૂ આવવાનું રહેશે નહીં)

↓

આગળ વધતા ચોઈસ ફીલીંગ કરવું ફરજીયાત છે.
(જે ઉમેદવારોએ ચોઈસ ફીલીંગ કરેલ નથી તેઓના નામમેરીટ યાદીમાં સમાવેશ થશે નહી)

↓

ત્યારબાદ સબમીટ રજિસ્ટ્રેશન પર ક્લિક કરવું

↓

રજિસ્ટ્રેશન ફોર્મ સબમીટ કરતા પહેલા, આપની ઉમેરેલ માહિતી
ચકાસવા પ્રિવ્યુ પર ક્લિક કરવું (કોઇ માહિતીમાં ખામી જણાય તો પાછા ફરી સુધારો કરવો)

↓

પ્રિવ્યુમા કોઇ ખામી ન જણાય તો સંમતિમાં ટિક કરી આપનુ ફોર્મ સબમીટ કરવું
(ઉમેદવારે આપેલ મોબાઈલ નં. તથા ઇ-મેઈલ પર મેસેજ ચેક કરવો અને મેસેજ
મળે તો જ આપની અરજી સબમીટ/અપલોડ થઈ છે તેવું સમજવું)

↓

ફોર્મ સબમીટ થવાની સાથે જ ઓનલાઈન પેમેન્ટ પર ક્લિક કરવું
(નિર્ધારિત ફી (રૂ.૩૦૦/-)નું ઓનલાઈન પેમેન્ટ કરવું આવશ્યક છે અન્યથા વિદ્યાર્થી પ્રવેશપાત્ર રહેશે નહી)

↓

ઓનલાઈન પેમેન્ટમાં આપના અનુકૂળ વિકલ્પથી પેમેન્ટ કરી તેની પાવતી મેળવી લેવાની રહેશે.

↓

સુચના : અત્રેની યુનિવર્સિટીની વેબસાઈટ <https://www.kamdhenuuniversity.net> પર એડમિશન અંગેની અદ્યતન માહિતી માટે મુલાકાત લેતા રહેવી. આપના એડમિશનની તમામ માહિતી ઓનલાઈન દર્શાવવામાં આવશે.

વધુમાં, ઉમેદવારોને ઓનલાઈન ફોર્મ ભરતી વખતે જો કોઈ મુશ્કેલી પડતી હોય તો રજિસ્ટ્રેશન ID, પાસવર્ડ, ઉમેદવારનું નામ, મોબાઇલ નંબર તથા પડતી મુશ્કેલીની સંપૂર્ણ વિગતો સાથે ugadmission@kamdhenuuni.edu.in પર ઇ-મેઇલ કરવો જેથી આપની મુશ્કેલીનું ઝડપી નિવારણ લાવી શકાય.

૧૧.	**કોલેજ ખાતે હાજર થવું :**	
	પ્રવેશ માટે પસંદગી પામેલ ઉમેદવારે કેન્દ્રિય પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરાયેલ તારીખો દરમ્યાન જે-તે કોલેજ ખાતે નિયત ફી ભરી હાજર થયેથી યુનિવર્સિટી દ્વારા રજિસ્ટ્રેશન નંબરની ફાળવણી કર્યેથી યુનિવર્સિટીના વિદ્યાર્થી બનશે અને જણાવ્યા મુજબની પૂર્તતા કરવાની રહેશે.	
	નીચે દર્શાવેલ અસલ પ્રમાણપત્રો તથા તેની સ્વ-પ્રમાણિત નકલો રજૂ કરવા. સ્વ-પ્રમાણિત નકલો કચેરીમાં જમા કરવાની રહેશે.	
	૧.	પ્રવેશ ફોર્મ ફી, ટોકન ફી ભર્યાની પહોંચ તથા વેરિફાય થયેલ અરજીફોર્મ.
	૨.	એસ.એસ.સી (ધો-૧૦) પરીક્ષાની માર્કશીટ.
	૩.	એચ.એસ.સી (ધો-૧૨) પરીક્ષાની માર્કશીટ (જો થીયરી અને પ્રેક્ટિકલના અલગ-અલગ ગુણ માર્કશીટમાં ન દર્શાવેલ હોય તો તે બંને દર્શાવતું શાળાના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર).
	૪.	ચાલુ વર્ષની NEET પરીક્ષાની માર્કશીટ.
	૫.	શાળા છોડ્યાનું પ્રમાણપત્ર.
	૬.	અટેમ્પ્ટ/ટ્રાયલ પ્રમાણપત્ર.
	૭.	EWS હોવા અંગેનું સક્ષમ અધિકારીઓનું પ્રમાણપત્ર
	૮.	જાતિનું પ્રમાણપત્ર (જો ઉમેદવાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના હોય તો). સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારે "ઉન્નત વર્ગ સમાવિષ્ટ થતા નથી" તે મતલબનું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર (નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ) રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર માન્ય મુદતનું હોવું જોઈએ અન્યથા તેઓને સા.શૈ.પ.વ.ની અનામત બેઠક પર પ્રવેશ મળી શકશે નહી. (ગુજરાત રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તારીખ ૨૬/૪૨૦૧૬ની જોગવાઈ મુજબ).
	૯.	ગુજરાત રાજ્યના વતની હોવાનું પ્રમાણપત્ર, જો લાગુ પડતું હોય તો
	૧૦.	દિવ્યાંગતા અંગેનું સરકારી હોસ્પિટલના સક્ષમ અધિકારી (સિવિલ સર્જન અથવા સુપરિન્ટેન્ડન્ટ)નું પ્રમાણપત્ર, જો લાગુ પડતુ હોય તો. દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને શરતી પ્રવેશ આપવામાં આવશે અને પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ માટે લેવામાં આવેલ નિર્ણય બંધન કરતા રહેશે.
	૧૧.	નિવૃત્ત સેના કર્મચારીનું પ્રમાણપત્ર, કે જે ડાયરેક્ટર, સૈનિક વેલ્ફેર બોર્ડ, ગુજરાત અથવા ડિસ્ટ્રિક્ટ સૈનિક વેલ્ફેર ઑફિસર દ્વારા અપાયેલ હોય, જો લાગુ પડતુ હોય તો.
	૧૨.	સેનામાં કાર્યરત કર્મચારી હોવા અંગેનું કમાન્ડીંગ ઑફિસરનું પ્રમાણપત્ર, જો લાગુ પડતુ હોય તો.
	૧૩.	ફીઝીકલ ફીટનેસ અંગેનું રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશનરનું પ્રમાણપત્ર. જરૂર જણાશે તો ઉમેદવારનું શારીરિક પરીક્ષણ યુનિવર્સિટી મેડિકલ ઑફિસર/ સરકારી સિવિલ હોસ્પિટલ દ્વારા કરવામાં આવશે.
	૧૪.	ત્રણ પાસપોર્ટ સાઈઝના ફોટા (તારીખ સાથેનો તાજેતરનો ફોટો)
	પસંદગી પામેલ ઉમેદવારે એડમિશન મેમોમાં દર્શાવેલ તારીખ સુધીમાં જે-તે કોલેજ ખાતે રજિસ્ટ્રેશન કરાવી હાજર થઈ જવું જરૂરી છે. અન્યથા તેમનુ એડમિશન રદ્દ ગણવામાં આવશે.	

૧૨.	**એન્ટી રેંગીગ કમિટિ :**
	યુનિવર્સિટીમાં એન્ટી રેંગીગ કમિટિ કાર્યરત છે. જો કોઇ વિદ્યાથી રેંગીગ કરતો જણાશે તો તેને કાયદાનુસાર સજા કરવામાં આવશે. રેંગીગ કરનાર વિદ્યાર્થી સામે એફ.આઈ.આર (FIR) દાખલ કરી શકાશે.
૧૩.	**વિદ્યાર્થિનીઓને થતી હેરાનગતી બાબત :**
	વિદ્યાર્થિનીઓને હેરાન કરતા તત્વો વિરૂદ્ધ ફરીયાદ કરવા માટે દરેક યુનિવર્સિટીમાં મહિલા ફરિયાદ સેલ સ્થાપવામાં આવેલ છે. જો કોઇ પણ વિદ્યાર્થી કન્યાઓ કે મહિલાઓને હેરાન કરતાં જણાશે તો તેને યોગ્ય સજા કરવામાં આવશે.
૧૪.	**યુનિવર્સિટી ગ્રીવન્સ રેડ્રેસલ (ફરીયાદ નિવારણ) સેલ :**
	વિદ્યાર્થીને કોઇ પણ પ્રકારની ફરીયાદ માટે યુનિવર્સિટી ગ્રીવન્સ રેડ્રેસલ સેલની નીચેની લીંક મુજબની કમિટિને ફરીયાદ કરી શકાશે. <https://drive.google.com/file/d/19H2PFBqRs0yy-lbNIIxYZoB77XSQq5_N/view> યુનિવર્સિટી કક્ષાએ યુજીસીના ધારાધોરણો મુજબ લોકપાલની નિયુક્તિ કરવામાં આવેલ છે. <https://drive.google.com/file/d/1iYJ9K8hCHFWlE9a9_D5UPMpCJyHvhxzz/view>
૧૫.	**ડિસ્ક્લેઈમર :**
	આ માહિતી પુસ્તિકામાં આપવામાં આવેલ નિવેદન કે માહિતી છાપતી વખતે અમારી જાણ મુજબ બરાબર છે. આ માહિતી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય બદલવાની, ઘટાડવાની, વધારવાની, તેમાં સુધારા-વધારા કરવાની અબાધિત સત્તા યુનિવર્સિટીને રહેશે. પ્રવર્તમાન વિનિમયો બદલવાથી કે સુધારા વધારા કરવાથી કે અન્ય કોઇ પણ રીતે વિદ્યાર્થીને અભ્યાસ દરમ્યાન કોઇ મુશ્કેલી પડે, તે માટે વિદ્યાર્થી કે અન્ય વ્યક્તિને કોઇ ખર્ચ થાય કે કંઇ પણ નુકશાન કે ખોટ જાય તો તેની કોઇ પણ પ્રકારની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહી.
	પ્રવેશ અરજી ફોર્મ ફી નોન રિફંડેબલ છે.
	નોંધ : ઉમેદવારો દ્વારા પ્રવેશ અરજીફોર્મ ભરતી વખતે જે મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ એડ્રેસ આપવામાં આવેલ હોય તે પ્રવેશ પ્રક્રિયાના અંત સુધી બદલવાના રહેશે નહી. પ્રવેશ પ્રક્રિયાની માહિતી ઉમેદવાર દ્વારા આપવામાં આવેલ મોબાઈલ નંબર તથા ઈ-મેઇલ એડ્રેસ પર જ મોકલવામાં આવશે, અન્ય કોઈ માધ્યમથી પ્રવેશ અંગેની માહિતી મોકલવામાં/આપવામાં આવશે નહી. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.
૧૬.	**વિશેષ નોંધ :**
	ગુજરાત રાજ્યમાં પશુચિકિત્સા અને પશુપાલન, ડેરી તથા ફિશરીઝ ક્ષેત્રોમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ માટે રાજ્ય સરકાર દ્વારા કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે. કામધેનુ યુનિવર્સિટી અધિનિયમ - ૨૦૦૯ની કલમ-૫ (૫) અન્વયે ગુજરાત રાજ્યમાં પશુચિકિત્સા, પશુપાલન, ડેરી અને મત્સ્યવિજ્ઞાનમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ માટે કાયદાથી સ્થપાયેલી કોઇ બીજી યુનિવર્સિટીના વિશેષાધિકારો પૈકી કોઈપણ રીતે જોડાઈ શકશે નહી અથવા તેમાં પ્રવેશ મેળવી શકશે નહી. Gujarat Universities Laws (Amendment) Act, ૨૦૨૦ (GUJARAT ACT No. 15 of 2020) મુજબ રાજ્યની અન્ય કોઈપણ યુનિવર્સિટી પશુચિકિત્સા, પશુપાલન, ડેરી, મરઘાંપાલન ક્ષેત્રે અને મત્સ્યઘોગ સંબંધિત કે અન્ય કોઈ નામે ઉક્ત ક્ષેત્રે, કોઈપણ પ્રકારે ડીગ્રી, ડિપ્લોમા કે સર્ટિફિકેટ કોર્સની પદવી એનાયત કરી શકશે નહી. આથી સૌ વિદ્યાર્થીઓ/વાલીઓએ નોંધ લેવી અને ભ્રામક જાહેરાતોથી સચેત રહેવા વિનંતી.

૧૭. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રવેશના મેરીટ કટ ઓફની વિગત (કેટેગરી પ્રમાણે) (માર્કસ)								
ક્રમ	કોલેજનું નામ	જનરલ (Gen)	આર્થીક રીતે નબળા વર્ગ (EWS)	અનુસૂચિત જાતિ (SC)	અનુસૂચિત જનજાતિ (ST)	સા.શૈ.પ.વ. (SEBC)	સેનાના કર્મચારીઓ/ નિવૃત કર્મચારીઓના સંતાનો	દિવ્યાંગજન
1	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આણંદ	425	415	415	241	418	311	-
2	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, સરદારકૃષિનગર	381	398	382	235	391	314	318
3	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારી	374	380	358	258	378	250	-
4	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ	402	374	373	231	390	-	-
5	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, રાજપુર(નવા), હિંમતનગર	377	374	363	235	384	-	-

નોંધ : ઉક્ત કટઓફ મેરીટ માર્કસ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના NEET પ્રવેશ પરીક્ષાના છે. જે ફકત ઉમેદવારો/વાલીઓની જાણ માટે છે. જેથી ચાલુ વર્ષે સદરહુ કટઓફ મેરીટમાં ફેરફાર થવાની શક્યતા છે.

આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારને પ્રમાણપત્ર મેળવવાનો નમૂનો

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ ઈ.ડબલ્યુ.એસ../૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ નું બિડાણ)

પરિશિષ્ટ-ગ

પ્રમાણપત્ર ક્રમાંકઃ .....

પાસપોર્ટ સાઈઝનો ફોટો

આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારને પ્રમાણપત્ર મેળવવાનો નમૂનો

(ફક્ત ગુજરાત સરકાર હેઠળના અનામતના હેતુ માટે)

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી / શ્રીમતી / કુમારી .....

શ્રી ..... ના પુત્ર / પુત્રી / પાલ્ય છે.

તેઓ ગામ / નગર ..... તાલુકો ..... જિલ્લો ..... ના રહેવાસી છે. તેઓ ..... જાતિ પૈકીના છે કે જેનો અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત જન જાતિઓ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો / અન્ય પછાત વર્ગોમાં સમાવેશ થતો નથી.

૨. વધુમાં પ્રમાણિત કરવામાં આવે છે કે ગુજરાત સરકારના, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ અન્વયે ઠરાવેલા ધોરણો મુજબ તેમના / તેણીના કુટુંબના બધા સ્ત્રોત મળીને થતી કુલ વાર્ષિક આવક રૂા. ..... છે, જે રૂા. ૮.૦૦ લાખ કરતાં ઓછી હોવાથી તેનો / તેણીનો આર્થિક રીતે નબળા વર્ગોમાં સમાવેશ થાય છે.

સ્થળ : સહી :

તારીખ : નામ :

(કચેરીનું રાઉન્ડ સીલ) (કચેરીના સિક્કા સહિત)

રજુ કરેલ આધારો :

૧.

૨.

૩.

આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારને પ્રમાણપત્ર મેળવવાનો નમૂનો

(Appendix to Resolution of Social Justice and Empowemnent Department Dt.25/1/2019 No.EWS/122019/45903/A)

Annexure-KH

Certificate No:.....

Photo

Gorernment of Gujarat

Eligibility Certificate For Economically Weaker Sections
(Only for the purpose of EWS reservation under Gujarat State)

This is to certify that Shri / Smt / Kumari .....
is the son / daughter / ward of .....
He / She is the Resident of Village / City .....
Taluka / Tehsil ..... District. .....
and he / she belongs to ..... caste / class / Group which is not covered within Scheduled Castes or Schedule Tribes or Socially and Educationally Backward Classes / Other Backward Classes.

2. As per norms prescribed vide Gujarat Government, Social Justice and Empowerment Department Resolution No.EWS/122019/45903/A, Dt.23/01/2019 his / her gross famuly annual income from all sources is Rs..... which is less than Rs. 8,00,000/- therefore it is further certified that he / she is within category of Economically Weaker Sections.

Place : Signature :

Date : Name :

Designation :

This Certificate has been issued on the basis of following proof / evidences / documents.

1.

2.

3.

પરિશિષ્ટ-ક : દિવ્યાંગજન કેટેગરીના ઉમેદવાર માટે મેડીકલ સર્ટિફિકેટનો નમૂનો

Medical Certificate for Persons with Disability Candidate

FORM OF CERTIFICATE FOR PERSONS WITH DISABILITY CANDIDATE FOR ADMISSION

TO FIRST YEAR COURSES IN KAMDHENU UNIVERSITY OF GUJARAT STATE

AFTER 10™ (S.S.C.)

1. Full Name of Candidate : _____

2. O.P.D. Case No. : _____

3. (a) Nature of disability : _____
(to be mentioned in the square on the right side)
POLIO, CEREBRAL PALSY,
HEMIPLEGIA, QUADRUPLEGIA, AMPUTATIONS, PARAPLEGIA CONGENITAL & AQUIRED DEFORMITY VISUAL IMPAIRED, HEARING IMPAIRED OTHERS

(b) Any disability in upper limbs? Yes / No

(c) Extent of disability : _____
(to be mentioned in box on the right side) BELOW 40% / 40% to 50% / 50% to 70%/ ABOVE 70%

Note: A Candidate shall not be admitted to Diploma level course of Kamdhenu University of Gujarat if he/she suffers from the following disabilities, namely:

(a) Disability of total body including disability of chestorspine more than 50 %
(b) Disability of lower limb of more than 50%
(c) Disability of upper limb
(d) Visually handicapped candidates and those with hearing disability
(e) Candidates with progressive diseases like myopathies etc.
(f) Disabilities which otherwise would interfere in the performance of the duties in concerned course.

4. Despite the disability whether the candidate is fit to undergo Diploma YES / NO
level courses of Kamdhenu University of Gujarat
(Please state YES or NO in the square on the right side.)

I certify that Shri/kum _____ has been examined by me Dr._____ Designation _____ on Dt.___/___/20___, and has been found physically handicapped and in my opinion, he/she is in a position to undertake Diploma level courses of Kamdhenu University of Gujarat.

Outward No.:

Date :

Round Seal

STAMP

Signature of Competent Authority of
Govt. Hospital (District or State level)

Countersigned by Medical Superintendent /
Civil surgeon of Govt. Hospital (District or State level)

Annexure – A

Proposed Eligibility Criteria for NRG Candidates at UG Courses

(i) Only the NRIs/OCI or their children/ wards of Gujarat origin or having ancestral background of Gujarat (NRIs/OCL as per the judgment of Honorable Supreme Court for Appeal (Civil) 5041 of 2005 or Ref.: OI-11011/01/2017-OIA-II dated 19.05.2017 of the Director, OIA-II division, Ministry of External Affairs, Government of India, Chankyapuri, New Delhi) are eligible to apply.

- NRI students who have passed the qualifying examinations from schools or colleges in foreign countries and schools or colleges situated in foreign countries even if affiliated to the Boards of Secondary Education or Universities located in India.
- However, it does not use it to refer to those NRI students studying in schools or colleges situated in India and affiliated to the Boards of Secondary Education or Universities located in foreign countries, or those qualifying examinations from Boards or Universities located in foreign countries as external students and dependents of NRIs studying in India. (http://www.ugce.ac.in/new_initiatives/policydecisions.html).

(ii) The minimum eligibility requirements for Non Resident Gujarati (NRG) candidates are the same as for the general category candidates.

(iii) For admission to undergraduate courses NRG candidate must have completed 12 years' school system and passed the core subjects mandatory required for the eligibility in 11th and 12th years of School Education, which is equivalent to 10+2 of Indian School Education.

- The eligibility for admission to different courses can be checked in detail from the prospectus of the university. Kamdhenu university will consider only those students who have qualified from foreign Universities or Boards of Higher Education recognized as equivalent by the Association of Indian Universities (AIU) as eligible for admission.
- Prospective applicants are advised to apply to The Evaluation Officer, Association of Indian Universities, AIU House, 16 Comrad Indrajit Gupta Marg, New Delhi-110002, or by e-mail (evaluation@aiuweb.org), using the form made available on the website, and paying the relevant fee to make sure that they are eligible.

(iv) The NRG candidate shall submit the online/offline application as per admission notice and the print out of the completed application form along with photo copies of relevant certificates showing grades/marks and conversion formulae for calculating percent equivalent marks, Date of Birth Certificate, School/College Leaving Certificate, photo copy of passport and other proof regarding nationality or certificate of being a NRI/FN/PIO candidate issued by competent authority shall be sent by email to aracad@kamdhenuuni.edu.in with copy to respective Indian embassy in given time limit as per the advertisement.

(v) The NRG candidates shall have to appear for the entrance test examination conducted by the university and qualify with minimum 60% of marks in the entrance examination.

(vi) The eligibility of qualification will be subject to submission of equivalence by the candidate as per (ii) and its verification with the examination of recognized Indian Education Board(s) etc. The candidates must furnish the details of subjects studied, medium of instruction, grades and percentage equivalent marks in the relevant information in the application Form. The syllabus of the courses studied at 10+1 and 10+2 level, contact details and the website address of the institute attended needs to be attached with the application. Candidates must have studied in English Medium.

(vii) The selected candidates are required to pay the all kind of fees and deposit including admission, tuition fee, etc. by online transfer or by Bank Draft in equivalent currency from the bank account of NRI/OCI in his/her country of residence. The fee can also be paid in equivalent Indian Rupees in the form of Bank Draft issued from the NRE/OCI bank account of candidate/parent/spouse maintained in India. In the latter case, the candidate is required to submit a certificate from the bank that the draft has been issued against candidate/parent/spouse NRG/OCI account along with currency equivalence certificate payable to 'Kamdhenu University Fund Account'. The hostel and other dues as applicable, will be charged in Indian currency, in addition to admission and tuition fee etc., as per university rules. Foreign Bank Charges/Correspondent Bank Charges will be borne by the student, in addition to fee. The student will also have to pay GST which will be charged by the bank on Foreign Transactions.

(viii) Merit list of the candidates will prepared purely based on entrance examination conducted by the university.

Annexure-B

Certificate for children of (I) Serving ARMY/ IN/ IAF Personnel. (II) Retired/ Released/ Discharged after service (III) Martyred during Service/ Disable in Action/ Medically Boarded out with Pension (By Director, Sainik Welfare Board, Gujarat or District Sainik Welfare Officer or Unit Commanding Officer)

Photo

A. Certified that *(Name of Candidate)* is Son/Daughter of No._____ Rank _____ Name *(Name of Mother/ Father)* who has Continues Service in the ARMY/ IN/ IAF from _____ to _____.

B. Certified that *(Name of Candidate)* is Son/Daughter of No. _____ Rank _____ Name *(Name of Mother/ Father)* who has been release/ discharged from service after continues service from _____ to _____.

C. Certified the *(Name of Candidate)* is Son/Daughter of No._____ Rank _____ Name *(Name of Mother/ Father)* who has been granted/ awarded regular pension/ liberalized family pension/ family pension/ disability pension at the time of his/her Superannuation/ demise/ discharge/ release medical board/ invalided medical board.

D. Certified that *(Name of Candidate)* is Son/Daughter of No._____ ex recruit No. _____ Name *(Name of Mother/ Father)* who was medically boarded out and granted disability pension.

This certificate is issued for the purpose of admission in _____course for academic year _____ only.

Place: _____
Date: _____

Director, Sainik Welfare Board, Gujarat
or District Sainik Welfare Officer or
Unit Commanding Officer
Name – Designation – Office Seal

Name and Signature of Candidates _____
Name and Signature of Parent _____

Notes:

1. Strike out the portion which is not applicable.
2. If retired/ released with pensionary benefits, attach Certificate from pension paying authority.
3. If retired/ released on medical grounds with disability pension, attach copy of medical board proceedings.
4. If released/ discharged after 10 years of service, attach copy of discharge certificate / release order.

કામધેનુ યુનિવર્સિટી હસ્તકની વિવિધ વેટરનરી કોલેજો














કામધેનુ યુનિવર્સિટીના એડમિશન પોર્ટલની મુલાકાત માટે સ્કેન કરો

Scan to visit Kamdhenu University's admission portal

કામધેનુ યુનિવર્સિટીની વેબસાઈટ જોવા માટે સ્કેન કરો

Scan to visit Kamdhenu University website

કામધેનુ યુનિવર્સિટીની વિસ્તૃત માહિતી મેળવવા માટે સ્કેન કરો

Scan to get detailed information about Kamdhenu University

KAMDHENU UNIVERSITY

सर्वभूतहिते रता :

કામધેનુ યુનિવર્સિટી

કર્મયોગી ભવન, બ્લોક-૧, વીંગ-બી૧, ચોથો માળ,
સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૯